# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૧૯ № 141 તારીખ: 13 SEP 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,
ધનતાલ ફૂડસ પ્રાઈવેટ લીમીટેડ,
પ્લોટ નંબર-૧ થી ૬, સર્વે નંબર-૬૪ પેકી,
મુ-પો- દેશલપર- ભુજ- કચ્છ,
મોબાઇલ નંબર:-

વિષય:- કેસ નંબર પીજી૦૨/૦૦૪/૨૦૧૯-૨૦
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૪/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, દેશલપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ


પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ № 141

તારીખ: 13 SEP 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-004-2019-20.

અરજદાર: ધનતાલ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ
ગામ-દેશલપર, તા.-ભુજ, જિ.-કચ્છ.

રજૂઆત કરનાર: શ્રી ઈશ્વરલાલ એમ. વેલાણી(અધિકૃત પ્રતિનિધિ)

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ

રજૂઆત કરનાર: (૧) શ્રી એસ. એ. મેમણ, હિસાબી અધિક્ષક(આવક),પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ.
(૨) શ્રી પી.બી.કોટવાલ, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, દેશલપર પેટા વિભાગીય કચેરી.

## :: કોરમ ::

૧) શ્રી જે.બી.પારેખ, કાર્યવાહક ચેરપર્સન

૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૨૯/૦૮/૨૦૧૯

# :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી ધનતાલ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ, ગામ-દેશલપર તા.ભુજ-કચ્છની સીમ મધ્યે સર્વે નંબર- ૬૪ પૈકી મા પ્લોટ નંબર- ૧ થી ૬માં અગાઉ એલ.ટી. કનેક્શન નંબર ૩૮૨૦૧/૦૦૪૭૮/૭ થી ૧૦૦ કિલોવોટનું દેશલપર પેટાવિભાગીય કચેરી, ભુજ વિભાગીય કચેરી હેઠળ કોલ્ડડ્રીંક્સ પ્રોડક્ટ હેતુ માટે મેળવેલ હતું.

૧.૧ સદર વીજજોડાણ કાયમી ધોરણે રદ થતાં વીજજોડાણ હેઠળ ભરેલ અનામતની રકમ પરત મેળવવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૨ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.3 અરજદારશ્રી એલ.ટી. ગ્રાહક નંબર ૮૬૨૦૧/૦૦૯૭૮/૭ થી ૧૦૦ કિલોવોટનું વીજજોડાણ ધરાવતા હતા.

૧.૪ અરજદારશ્રીને સબબ વધારાના લોડની જરૂરિયાત ઉભી થતાં ભુજ વિભાગીય કચેરીથી તા. ૧૯/૦૧/૨૦૧૯ના રોજ ૩૦૦ કેવીએનું ગ્રાહક નંબર ૩૧૬૯૩ વાળું નવું વીજજોડાણ મેળવેલ છે.

૧.૫ અરજદારશ્રીએ પીજીવીસીએલના નિયમે ઉપરોક્ત એલ.ટી. જોડાણનું કાયમી ધોરણે તે જ દિવસે પી.ડી. કરાવેલ અને અનામત રીફંડ અંગે અરજી પણ કરેલ છે. આ રકમ એચ.ટી. જોડાણ નંબર ૩૧૬૯૩માં જમા આપવા અરજી કરેલ છે.

૧.૬ અરજદારશ્રીનું જૂનું મીટર તા. ૦૫/૦૨/૨૦૧૯ના રોજ ભુજ લેબમાં વિશેષ ચેકીંગ પણ કરેલ. જે બરોબર હોતાં તેનો લેબરીપોર્ટ પણ મેળવેલ. પરંતુ તેઓની અનામત છેલ્લા છ માસથી તેમના ખાતામાં જમા કે રીફંડ મળેલ નથી.

૧.૭ અરજદારશ્રીએ કચેરીએ તપાસ કરતાં એવું જાણવા મળેલ કે સદર વીજજોડાણનું ટ્રાન્સફોર્મર જમા નથી થયું તેથી આ બીલ પેન્ડીંગ છે. તો આ ક્યારે જમા થશે? આ કામ કોને ગ્રાહકને કરવાનું? તે કેટલા અંશે વ્યાજબી છે?

૧.૮ અરજદારશ્રી અનુસાર જૂના એલ.ટી. કનેક્શનની અનામત રકમ રીફંડ રકમ ૬(છ) માસથી પેન્ડીંગ હોતાં સત્વરે વ્યાજસહિત સદર નવા એચ.ટી. જોડાણમાં જમા આપવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ધનતાલ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડનું દેશલપર પેટાવિભાગીય કચેરી ખાતે સર્વે નંબર ૬૪/પૈકી ગામ દેશલપર મધ્યે પ્લોટ નંબર ૧ થી ૬ માં ગ્રાહક નંબર ૮૬૨૦૧/૦૦૯૭૮/૭ થી ૧૦૦ કેવીએનું એલ.ટી.એમ.ડી. કેટેગરીનું કનેક્શન આવેલ હતું. સદરહુ જગ્યા પર જગ્યા પર અરજદારશ્રીએ નવા એચ.ટી. કનેક્શનની માંગણી કરતાં તા. ૧૯/૦૧/૨૦૧૯ના રોજ નવું એચ.ટી. કનેક્શન ૨૭૫ કેવીએનું રીલીઝ કરવામાં આવેલ અને કંપનીના નિયમ મુજબ એલ.ટી. કનેક્શન પી.ડી. કરવામાં આવેલ.

૨.૧ અરજદારશ્રીના સદર પી.ડી. થયેલા એલ.ટી. વીજજોડાણમાં તેમની જમા સીક્યુરીટી ડીપોઝીટની રકમ રૂ. ૩,૦૫,૧૯૧/- પરત મેળવવા માટે અને સદર રકમ એમના નવા રીલીઝ થયેલ એચ.ટી. કનેક્શનના બીલમાં સરભર કરવા માટે તા. ૩૧/૦૧/૨૦૧૯ના રોજ દેશલપર પેટાવિભાગીય કચેરીમાં જરૂરી આધારો જેવા કે ડીપોઝીટની અસલ રસીદ સાથે અરજી કરેલ.

૨.૨ અરજદારશ્રીની અનામત પરત આપવા માટેની પ્રક્રિયા કરવા માટે પી.ડી.સી. થયેલ મીટરનું લેબ ટેસ્ટીંગ તા. ૦૫/૦૨/૨૦૧૯ના રોજ થયેલ પરંતુ સદરહુ પ્રોસેસ માટે સ્થળ પર લાગેલ ૨૦૦ કેવીએનું ટ્રાન્સફોર્મર જે ઓટલો ગ્રાહકની

જગ્યા પર રાખેલ હોઈ એ જર્જરીત હાલતમાં હોઈ અને બાજુમાં પાણી ભરાયેલ હોઈ સદર ટ્રાન્સફોર્મર વિભાગીય કચેરીમાં જમા કરાવી શકાયેલ નથી. આને કારણે એસ.ડી. રીફંડ થઈ શકેલ નથી.

૨.૩ અરજદારશ્રીની એસ.ડી. રીફંડની કાર્યવાહી તાત્કાલિક અંદાજે ૧૦(દસ) દિવસમાં પૂર્ણ કરીને તેઓને અનામતની રકમ જમા આપવામાં આવશે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રી ધનતાલ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડના નામે વીજજોડાણ ધરાવતા હતા.

3.૨ અરજદારશ્રીનું ગ્રાહક નંબર ૮૬૨૦૧/૦૦૯૭૮/૭ થી જે ઔદ્યોગિક વીજજોડાણ ધરાવતા હતા. જે કાયમી ધોરણે કપાઈ ગયેલ છે.

3.3 અરજદારશ્રીએ વધારાના લોડની જરૂરિયાત ઉભી થતાં તા. ૧૯/૦૧/૨૦૧૯ના રોજ 300 કેવીએનું ગ્રાહક નંબર ૩૧૬૯૩ વાળું નવું એચ.ટી. જોડાણ મેળવેલ છે.

3.૪ અરજદારશ્રી પીજીવીસીએલના નિયમે તેઓનું એલ.ટી.વીજ જોડાણ કાયમી ધોરણે તે જ દિવસે પીડી કરાવેલ. જેથી અનામત રકમ રીફંડ અર્થે અરજી પણ કરેલ. આ રકમ એચ.ટી. વીજજોડાણ ૩૧૬૯૩માં જમા આપવા અરજી કરેલ છે.

3.૫ નાયબ ઈજનેર પીજીવીસીએલ દેશલપરના જણાવ્યા મુજબ ૨૦૦ કેવીએનું ટીસી તા. ૨૮/૦૮/૨૦૧૯ના રોજ જમા કરાવેલ છે તથા તે જ દિવસે ડીવીઝન ઓફિસમાં રીફંડ પ્રપોઝલ મોકલેલ છે.

3.૬ આમ, અરજદારશ્રીને તેઓના એલ.ટી. વીજજોડાણ કાયમી ધોરણે કપાત તેઓની અનામત રકમ હવે પછીના એચ.ટી. બીલમાં જમા આપવી અને તેઓશ્રીના વીજજોડાણ કાયમી ધોરણે તા. ૦૫/૦૨/૨૦૧૯ના રોજ કાપેલ તે તારીખથી જે તારીખે તેઓની અનામત રકમ જમા થાય ત્યાં સુધી પ્રવર્તમાન નિયમ મુજબનું વ્યાજ આપવું. આમ. અરજદારશ્રીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી. પારેખ)
કાર્યવાહક ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯